# જગતને જીતવાનો રાજમાર્ગ છે : ક્ષમા

આચમન
બિપિન પટેલ

દિવસે દિવસે કલિયુગનો કુપ્રભાવ વધતો જાય છે પરિણામે ચારે તરફ વિરોધ અને વેરભાવ વધતાં જાય છે. આપણા ઋષિમુનિઓએ આપણને પરસ્પર દેવો ભવની ભાવનાનું સૂત્ર આપતાં વેર અને વિરોધના શમનનો શ્રેષ્ઠ માર્ગ બતાવ્યો છે. વેર વેરથી શમતું નથી! વેરને તો વળાવવાનું હોય તે માટે ક્ષમા જ એક સર્વોત્તમ માર્ગ છે. આજકાલ 'વિવિધ દિવસો' ઉજવવાની એક પ્રથા પ્રચલિત બની ગઈ છે. મને ગમતો એવો જ એક દિવસ 'ક્ષમાયાચના દિવસ' છે તો જૈન બંધુઓની એ વિચારધારા કિંતુ જીવનમાં અવશ્ય ઉતારવા જેવી છે. 'મિચ્છામી દુક્કડમ' મન, વચન કર્મથી જો મેં જાણ્યેઅજાણ્યે તમને દુઃખ પહોંચાડ્યું હોય તો મને ક્ષમા કરજો. હું પૂરા હૃદયથી તમારી ક્ષમાયાચના કરું છું. કેવી ઉદાત ભાવના છે. 'ક્ષમા માગો અને ક્ષમા આપો.' આ સૂત્ર જો સૌ અપનાવે તો? તો તો પૃથ્વી સ્વર્ગ બની જાય. પરંતુ ઉદારતા, કરૂણા અને પ્રેમ વિના ક્ષમા માગી પણ શકાતી નથી અને ક્ષમા આપી શકાતી નથી.

ક્ષમા એ તો માનવીની અમૂલ્ય દૈવી સંપત્તિ છે જેના સંરક્ષણ અને સંવર્ધન માટે માનવીએ હંમેશાં જાગૃત રહેવું જોઈએ. દૈવી સંપત્તિ જ તેને માનવમાંથી મહામાનવ બનાવી શકે છે, શાસ્ત્રો, સંતો અને મહાપુરુષો કહે છે જેના હૈયામાં ક્ષમા હશે તેના હૈયામાં રામ વસે! આ દિશામાં સીતાજીનું ઔદાર્ય અને ક્ષમાભાવનાનું અનુપમ ઉદાદરણ રામાયણમાં જોવા મળે છે. વનવાસ દરમિયાન એક દિવસ શ્રી રામ- સીતા શાંતિથી બેઠાં હતાં. શ્રી રામ સુંદર ફૂલો વડે સીતાજીના કેશકલાપ શણગારી રહ્યા હતા. એ જ સમયે ઈન્દ્રપુત્ર જયંત કાગડાનું રૂપ ધારણ કરીને શ્રીરામના બ્રહ્મત્વની પરીક્ષા લેવા માટે ત્યાં પહોંચ્યો. શ્રીરામની આ લીલા જોઈને તે તેમને એક સાધારણ વિલાસી પુરુષ માની બેઠો. શ્રીરામની પરીક્ષા લેવા માટે તેણે સીતાજી સાથે ધૃષ્ટતા કરી. તેમના કોમળ ચરણોમાં પોતાની કઠોર અને તીક્ષ્ણ ચાંચ વડે પ્રહાર કરીને નજીકના વૃક્ષ પર જઈ બેઠો. સીતાજીના ચરણોમાંથી રક્તની ધારા વહેવા લાગી. શ્રીરામે તે જોયું અને વિચાર્યું કે આ તો મહા અપરાધ છે. તેનો એક જ દંડ છે. મૃત્યુદંડ! તેમણે ઘાસનું એક તણખલું અભિ મંત્રિત કરીને તેને બ્રહ્માસ્ત્રના રૂપમાં કાકરૂપ જયંત પાછળ છોડયું. જયંત શ્રીરામના બ્રહ્મત્વને પામી ગયો. બ્રહ્માસ્ત્રથી બચવા માટે તેણે પિતા ઈન્દ્ર સહિત બ્રહ્માંડમાં સૌને વિનંતી કરી. કોઈએ તેને આશ્રય ન આપ્યો. રક્ષા માટે શ્રીરામના ચરણોમાં પડયો તો ખરો પરંતુ વ્યાકુળતાને કારણે તે ઊંધો પડયો. પગ શ્રીરામ તરફ અને માથું સીતાજી તરફ. સીતાજીએ તેને પંપાળ્યો. તેનું માથું શ્રીરામ તરફ કર્યું અને શ્રીરામને વિનંતી કરી, ''તે બાળક છે. નાદાન છે. તે હવે પોતાની ભૂલ બદલ પસ્તાય રહ્યો છે. તેને ક્ષમા કરો.'' ક્ષમાશીલ માતૃહૃદયે મૃત્યુદંડને પાત્ર એવા જયંતને ક્ષમા અપાવી. જો કે બ્રહ્માસ્ત્ર વ્યર્થ ન જાય એટલે તેને ક્ષમા કરતાં શ્રી રામે પેલા બ્રહ્માસ્ત્ર વડે કાકરૂપ જયંતની એક આંખ વીંધવી પડી! એ વાત અલગ છે કિંતુ ક્ષમા એ મોક્ષનું દ્વાર છે- એ તો સાચું છે. આવો! આપણે આપણા હૃદયને ક્ષમાભાવથી ભરી દઈએ અને મોક્ષના અધિકારી બનીએ.




> દૈવી સંપત્તિ જ તેને માનવમાંથી મહામાનવ બનાવી શકે છે, શાસ્ત્રો, સંતો અને મહાપુરુષો કહે છે જેના હૈયામાં ક્ષમા હશે તેના હૈયામાં રામ વસે!

# સ્વાશ્રયની ખુમારી

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

સ્વામી વિવેકાનંદ હિન્દુ ધર્મના પ્રચારાર્થે અમેરિકા ગયા હતા, ત્યારે એમના પ્રવચનોથી અમેરિકાના લોકો વધુ પ્રભાવિત થયા હતા.

તેઓ એક દિવસ ફરતા હતા, ત્યાં એક છાપાં વેચનાર છોકરો આવી ચઢયો અને વિવેકાનંદજીને અખબાર ખરીદવા આગ્રહ કરવા લાગ્યો.

સ્વામીજીએ કહ્યું; ''મારે છાપું નથી જોઈતું.'' તેમ છતાં આ છોકરો હટયો નહીં અને તેમની પાછળ પાછળ ચાલતાં છાપા માટે આગ્રહ કરતો રહ્યો.

સ્વામીજીને લાગ્યું, છોકરાની કોઈ મજબૂરી હશે અને પૈસાની જરૂર હશે એટલે છાપું વેચવાનો આટલો આગ્રહ કરે છે.

એ ઊભા રહ્યા અને છાપું ખરીદી લીધું. પેલો છોકરો આભાર માની ચાલતો થયો એટલે સ્વામીજીએ એને રોક્યો અને પૂછ્યું;

''ભાઈ, તારાં મા-બાપ છે?''

પેલાએ કહ્યું-''હા.''

''તો પછી બાપ કમાતો નહીં હોય, વૃદ્ધ હશે.''

પેલાએ કહ્યું, ''ના એ પણ કમાય છે, વૃદ્ધ નથી.''

''તો પછી તારે નાની ઉંમરમાં છાપાં વેચવા કેમ પડે છે?'' સ્વામીજીએ પૂછ્યું.




પેલાએ કહ્યું; ''હું ભણું છું અને બાકીના સમયમાં મારો ભણવાનો ખર્ચ કાઢવા આ છાપાં વેચું છું. જેથી હું મારા બાપને ભાષણ (ભારણ) આપવા નથી માગતો.'' સ્વામીજી એની વાત સાંભળી ખુશ થયા. એને ઈનામરૂપે બીજા પૈસા આપવા માંડ્યા પણ પેલા છોકરાએ વિનમ્રતાથી ના સ્વીકાર્યા.

> બાપાની કમાણી પર કૂદતા અને દેખાડા કરતા યુવાનોએ આ વાત પરથી વિચારવા જેવું છે, પોતાની કમાણી વાપરવામાં મજા કંઈ ઓર છે, એ જાતમહેનતની કમાણી છે

સ્વામીજીએ એને ફરી ધન્યવાદ આપ્યા અને એની સ્વાશ્રયની ખુમારીને સ્વામીજીએ વંદન કર્યું. પોતાની જાત પર ઊભા રહેતાં નાની ઉંમરથી શીખતો આ છોકરો આજની યુવા પેઢી માટે પ્રેરણારૂપી છે.

બાપાની કમાણી પર કૂદતા અને દેખાડા કરતા યુવાનોએ આ વાત પરથી વિચારવા જેવું છે, પોતાની કમાણી વાપરવામાં મજા કંઈ ઓર છે, એ જાતમહેનતની કમાણી છે. એવી ખુમારી કંઈ વિશેષ જ હોય છે.

## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૧૩ થી તા.૧૯ જુલાઈ ૨૦૨૬



**તા. ૧૩ સોમવાર**
નિજ જેઠ વદ ચૌદશ

**તા. ૧૪ મંગળવાર**
નિજ જેઠ અમાસ, દર્શ અમાસ

**તા. ૧૫ બુધવાર**
અષાઢ સુદ એકમ, કચ્છી-હાલારી અષાઢી વર્ષ પ્રારંભ-૨૦૮૩, ચંદ્ર દર્શન, શ્રી ટેમ્બે સ્વામી પુણ્યતિથિ-ગરુડેશ્વર,મહાકવિ કાલીદાસ દિન, અષાઢી નવરાત્ર પ્રારંભ

**તા. ૧૬ ગુરુવાર**
અષાઢ સુદ બીજ, જગન્નાથ રથયાત્રા, અષાઢી મનોરથ બીજ.

**તા. ૧૭ શુક્રવાર**
અષાઢ સુદ ત્રીજ, કરિ દિન, ચોથ ક્ષયતિથિ, વિનાયક ચતુર્થી

**તા. ૧૮ શનિવાર**
અષાઢ સુદ પાંચમ, દ્વારકાધીશ પાટોત્સવ (કાંકરોલી), અષાઢી- સ્કંદ પાંચમ, શ્રી વલ્લભાચાર્ય વૈકુંઠગમન

**તા. ૧૯ રવિવાર,**
અષાઢ સુદ છઠ, કસુંબા-કર્દમ, કુમાર ષષ્ઠી.

## સુવિચાર

જે મનને જીતી લે છે, તે આખા જગતને જીતી લે છે.

ભગવાનને શોધવા મંદિરમાં જવાની જરૂર નથી; શુદ્ધ હૃદયમાં જ તેમનું સાચું નિવાસ છે.